## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હમણાં ડોસાનું ધ્યાન રાખજે... ઠંડીમાં મૃત્યુ પામનારને બે લાખ રૂપિયા આપવાની સરકારી સ્કીમ ઓપન થાય પછી વાંધો નહીં...!!

### અડાલજ પાસે સોહમ કોલ્ડ સ્ટોરેજના ગ્રાઉન્ડમાં

# દારૂની હાઈ-પ્રોફાઈલ મહેફીલ માંડીને બેઠેલા ૧૪ નબીરાઓ પોલીસના સકંજામાં

### બહેનના લગ્નની પાર્ટી આપવા ક્રિકેટ ટુર્નામેન્ટ, જમણવાર અને દારૂની મહેફીલનું આયોજન કરાયું હતુ : ૮.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર નજીક અડાલજ મહેસાણા હાઈ-વે માર્ગ પર આવેલા સોહમ કોલ્ડ સ્ટોરેજમાં ચાલી રહેલી દારુની મહેફીલ ઉપર અડાલજ પોલીસે દરોડો પાડી ગાંધીનગર અમદાવાદના ૧૪ નબીરાઓને બ્રાન્ડેડ વિદેશી દારુ-બિયરની મહેફીલ માણતા રંગે હાથ દબોચી લીધા હતા. અડાલજ પોલીસે બાતમીને આધારે પાડેલા દરોડો બાદ દારુના નશામાં ચુર નબીરાઓને અલગ તારવવા માટે અડધો કલાક સુધીનો સમય લાગ્યો હતો કેમ કે આ સ્થળ ઉપર ૪૦ થી ૫૦ યુવક-યુવતિઓ હાજર હતા.પોલીસે કરેલી પુછપરછમાં બહાર આવ્યું છે કે અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં રહેતા એક નબીરાએ તેની બહેનના થયેલા લગ્નની પાર્ટીનું આયોજન કર્યું હતું અને આ આયોજનમાં ક્રિકેટ ટુર્નામેન્ટ અને જમણવારની સાથેસાથે મિત્રો માટે દારુ-બિયરની પણ ભરપુર વ્યવસ્થા કરી હતી. અડાલજ પોલીસે રૂ. ૮.૫૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી તમામ ૧૪ નબીરાની ધરપકડ કરી તેમની સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

અડાલજ પોલીસની ટીમે ખાનગી રાહે બાતમી મળી હતી કે અડાલજ બગ્ગા પેટ્રોલ પંપ સામે આવેલા સોહમ કોલ્ડ સ્ટોરેજ ખાતે કેવીન સુનિલ પટેલે પોતાની બહેનના લગ્ન થવાના હોવાથી તેમના કેટલાક મિત્રો અને ફેમીલી સાથે ક્રિકેટ રમવા અને દારુની મહેફીલ માણવા બોલાવ્યા છે અને હાલ મહેફીલ ચાલુ છે. જેને પગલે અડાલજ પોલીસની ટીમના સભ્યો ખાનગી વાહનમાં સોહમ કોલ્ડ સ્ટોરેજ પહોંચ્યા હતા. જયા સોહમ કોલ્ડ સ્ટોરેજનો ગેટ ખુલ્લો હોવાથી ગેટમાંથી અંદર પ્રવેશતા નાઈટ ક્રિકેટ મેચ રમાતી હતી અને કેટલીક મહિલાઓ ખુરશી નાંખીને મેચ નિહાળી રહી હતી. જયારે અંધારામાં દુર ખુણામાં ગોળ કુંડાળુ રચીને કેટલાક યુવાનો દારુની મહેફીલ માણતા નજરે પડે છે. પોલીસે તેમને પકડી પાડી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં પોલીસે વિવિધ બ્રાન્ડની બોટલ નંગ-૯ કિ.રૂ.૧૬,૨૦૦, મોબાઈલ નંગ-૧૪ કિ.રૂ. ૩,૪૦,૦૦૦ તેમજ મહીન્દ્રા એસયુવી ગાડી કિં.રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ.રૂ.૮,૫૬,૨૦૦ નો મુદામાલ કબ્જે કરી તમામ સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

#### દારૂની મહેફીલ માણતા ઝડપાયેલા ૧૪ નબીરા

- સોહમ દેવેન્દ્રભાઈ પ્રજાપતિ ઉં.વ.૩૨, બાલાજી કુટીર અડાલજ
- કેવીન સુનિલભાઈ પટેલ ઉં.વ.૩૨ ઉમિયા વિજય સોસા. ઘાટલોડીયા
- રૂમિત હરીશભાઈ પટેલ ઉં.વ.૩૨ સુકૃતિ ફેલટ-૧૧ આંબાવાડી
- મિલન બળવંત પટેલ ઉં.વ. ૨૬ પારસ બંગ્લોઝ બોપલ
- પાર્થ શૈલેષભાઈ પટેલ ઉં.વ.૩૧ નંદેગ્રામ સોસાયટી નારણપુરા
- સૌમિલ નરસિંહભાઈ પટેલ ઉં.વ.૩૧ સર્વોદયનગર સોસાયટી સોલા
-સંકેત ભરતભાઈ પટેલ ઉં.વ.૩૨ ગોપીનાથ સોસાયટી વસ્ત્રાપુર
- ધ્રુવ ચંદ્રકાંત પટેલ ઉં.વ.૩૨, આનંદ બંગ્લોઝ, થલતેજ
- વિશ્વજીતસિંહ જટુભા રાણા ઉં.વ.૩૨ સનસાઈન એપાર્ટમેન્ટ થલતેજ
-નિકુલ પ્રવિણ પટેલ ઉં.વ.૩૫ પ્રેમચંદ બંગ્લોઝ બોડકદેવ
- ચિરાગ સુરેશ પટેલ ઉં.વ.૩૫ વિશ્વનિકેતન ફલેટ ઘાટલોડીયા
- જીગર વિરેન્દ્ર પટેલ લકઝયુરીયલ ફલેટ ઉસ્માનપુરા
- વંદિત અરવિંદ પટેલ ઉં.વ.૩૨ સંધ્યા સોસાયટી નવરંગપુરા

# ટીંટોડામાં સામાન્ય બાબતે મારામારી

ગાંધીનગર,તા.૧૪

ગાંધીનગર નજીક આવેલા ટીંટોડા ગામે ગતરોજ રાત્રીના સુમારે દવાખાના પાસે એક શખ્સ ગમે તેમ ગાળો બોલી રહ્યો હતો, ત્યારે આ શખ્સને ગાળો બોલતા અટકાવતા મામલો બિચક્યો હતો. જો કે ગામના આગેવાનો વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો. પરંતુ સવારના સુમારે ફરીયાદીના માતા દુકાન ખોલે તે પહેલા જ રાત્રીના ઝઘડાની અદાવત રાખી સવારના સુમારે સાત જેટલા શખ્સોએ ફરીયાદીના મા, માસી, દિકરા અને ભત્રીજા સહિતને માર મારતા ઈજા પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા બનાવ અંગે બળદેવજી ઠાકોરની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

બળદેવજી લાલજી ઠાકોર ટીંટોડા ખાતે ભાલુજીનો વાસ ખાતે રહે છે અને ડ્રાઈવીંગ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. બળદેવજીના પરિવારમાં બે દિકરા અને એક દિકરી છે. જયારે ફરીયાદીને ભાલુજીના વાસ ખાતે જોગમાયા કિરાણા સ્ટ્રોર્સ નામની દુકાન ધરાવે છે જેમાં બંન્ને દિકરા બેસે છે.ગતરોજ સાંજના સાડાઆઠ વાગ્યાના અરસામાં ફરીયાદી દુકાનની બાજુમાં આવેલા દવાખાનામાં દવા લેવા જતા હતા. તે સમયે પ્રકાશજી ઠાકોર ચોકમાં ઉભા હતા .

જેમ ફાવે તેમ ગાળો બોલી રહ્યા હતા, જેથી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને મામલો વધુ બિચક્યો હતો. તે સમયે ગામના રમેશજી ગોબરજી ઠાકોર આવી જતા બંન્ને સમજાવી સમાધાન કરાવ્યું હતું. ત્યારબાદ સવારના સુમારે ફરીયાદીના માતાએ દુકાન ખોલી હતી.તે સમયે ગામના જ પ્રકાશ ઠાકોર,અશોક ઠાકોર, શંકરજી ઠાકોર, ભરતજી ઠાકોર, કિરણજી ઠાકોર, વિજયજી ઠાકોર, રમેશજી ઠાકોર તમામ એકઠા થઈને હાથમાં લાકડીઓ લઈને આવ્યા હતા. ત્યારે દુકાને આવીને ફરીયાદીના માતાને બળદેવજી કયા છે, તેને બહાર બોલાવી લાવ, કહીને ગાળો બોલવા લાગ્યા હતા. તે સમયે ફરીયાદી સહિત ઘરના બહાર દોડી આવ્યા હતા.

ત્યારે ગામના શખ્સોએ ફરીયાદીને, તેમના માતા, માસી અને દિકરા તેમજ ભત્રીજા સહિતને લાકડી વડે માર માર્યો હોવાનું ફરીયાદી કહી રહ્યા છે. બનાવ પગલે ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ બોલાવી ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયા ફરીયાદીના માતાને હાથના ભાગે તેમજ માસીને પગે ફેકચર હોવાનું નિદાન થયુ છે. બળદેવજી ઠાકોરની ફરીયાદ લઈ પેથાપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શિહોલી ગામે જુગાર રમતા ૬ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર નજીક ચિલોડા પાસે આવેલા શિહોલી મોટી ગામે બીલીયાવાળા ખેતરમાં રહેતા ભવાનજી ઠાકોરના ઘર આગળ જાહેરમાં કેટલાક શખ્સો પાના-પત્તા પર રૂપીયાનો હારજીતનો જુગાર રમી રહ્યા હોવાની બાતમી ચિલોડા પોલીસને મળી હતી. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડીને જુગાર રમી રહેલા ૬ શકુનીઓને પકડી પાડ્યા હતા. જેમાં શિહોલી મોટી ગામના જ મહોબત કાળાજી ઠાકોર, જશુનાગરજી ઠાકોર, દિનેશ જુગાજી ઠાકોર, ભવાન પરબતજી ઠાકોર, દિલિપ બળદેવજી ઠાકોર,જુવા વરવાજી ઠાકોરનો સમાવેશ થાય છે.પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ૧૪,૫૧૦ જપ્ત કર્યા છે. પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારાનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**દિલીપકુમારનુ નામ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સમાં સામેલ કરાયુ**

ભારતી હિન્દી સિને જગતના મશહુર અભિનેતા દિલીપકુમારને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ પ્રસંગે તેમના પત્નિ તથા અભિનેતા સાયરાબાનો, લઘુબંધુ અસલમખાન, નાની બહેનો સઈદા ખાન તથા ફરીદા ખાનની ઉપસ્થિતિમાં તેમને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યુ હતુ. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સના મ્યુઝિક ડાયરેક્ટર તથા એજયુકેટર ઉસ્માનખાન સહિત સિનેજગતની મશહુર હસ્તીઓએ અભિનંદન પાઠવ્યા હતા.




